# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-10-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## પાણી પુરવઠા મંત્રી : નર્મદાનું પાણી

**કચ્છના ખડીર વિસ્તારમાં મા નર્મદાના પુરના વધારાના પાણી વિતરણના આયોજન થકી નાના-મોટા તળાવ અને નાની સિંચાઈ યોજનાઓ પાઇપલાઈન દ્વારા ભરવામાં આવશે. જેના માટે રૂ. ૪૫૧.૬૭ કરોડના કામોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપીને આ વિસ્તારના નાગરિકો-ખેડૂતો તેમજ પશુધનના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું.**

**તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ વિસ્તારના ૧૯૪ તળાવો અને ૬ નાની સિંચાઈ યોજનાઓમાં પાણી પહોંચવાથી ઐતિહાસિક ધોળાવીરા સહિત ૧૦ ગામોની ૫,૪૯૨ હેક્ટર જમીન નવ પલ્લવીત થશે. રાજ્યના અન્ય વિસ્તારની જેમ મા નર્મદાનું પાણી આ વિસ્તારમાં સામાજિક અને આર્થિક બદલાવ-વિકાસમાં મોટી ભૂમિકા ભજવશે તેવો મંત્રી શ્રી કુંવરજીભાઈએ વિશ્વાસ વ્યક્ત કરીને આ વિસ્તારના નાગરીકોને શુભેચ્છાઓ પાઠવી હતી.**

**-----------------------------------------------------------------------------------------**

## ડ્રગ વિભાગ : શંકાસ્પદ સીરપ

**શંકાસ્પદ સીરપ અંગે સાવચેતીના ભાગરૂપે રાજ્યમાં તમામ જીલ્લાઓમાં તપાસ આદરવામાં આવી છે. કચ્છમાં પણ સતત 4 દિવસથી આ સેમ્પલ લેવાની કામગીરી ડ્રગ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. ડ્રગ વિભાગે ભુજ અને ગાંધીધામ વિસ્તારની વિવિધ**

ફાર્મસી તથા હોલસેલ દવા વિતરકો પાસેથી અત્યાર સુધી કુલ 32 વિવિધ સેમ્પલ લીધા હોવાની જાણકારી મળી છે.

કચ્છ ડ્રગ વિભાગમાંથી મળેલી માહિતી મુજબ, લેવામાં આવેલા બધા સેમ્પલ વડોદરા સ્થિત સરકારી ડ્રગ લેબોરેટરીમાં મોકલવામાં આવી રહ્યા છે, જ્યાં તપાસ કરીને દવાઓની ગુણવત્તા, મિશ્રણ અને માનવ આરોગ્ય પર પડતી અસરો અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ

આજે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ "માનવતાવાદી કટોકટીમાં માનસિક સ્વાસ્થ્ય" છે. આપત્તિઓ, સંઘર્ષો, રોગચાળા અને આબોહવા કટોકટી દરમિયાન માનસિક સ્વાસ્થ્ય સંભાળ સુલભ અને સ્થિતિસ્થાપક રહે તેની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

કચ્છમાં પણ આજે માનિસક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે જાગૃતિ ફેલાવવામાં આવી. જાણીતા મનોચિકિત્સક ડો. મહેશ ટીલવાણીએ આ અંગે આકાશવાણી સાથે વાતચીત કરતા જણાવ્યું કે, જો મગજ સ્વસ્થ હશે તો આખું શરીર સ્વસ્થ રહેશે.

(બાઈટ... ડો. મહેશ ટીલવાણી)

-----------------------------------------------------------------------------------------

## ગુજકોસ્ટ : ક્વાન્ટમ કમ્યુનિકેશન

ભુજ રિજનલ સાયન્સ સેન્ટર ખાતે 'ક્વાન્ટમ કમ્યુનિકેશન' વિષય પર વિશિષ્ટ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ભવિષ્યના સંચાર તંત્રની નવી દિશા દર્શાવતા ક્વાન્ટમ વિજ્ઞાનના સૈદ્ધાંતિક તત્ત્વો અને તેની ટેક્નોલોજીકલ શક્તિઓને સમજાવવા માટે, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ના સહયોગથી આ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં કચ્છની વિવિધ કોલેજોના છાત્રો જોડાયા હતા.

-----------------------------------------------------------------------------------------

## તહેવારોને ધ્યાને રાખીને જાહેરનામું

આગામી તહેવારોને ધ્યાને રાખીને સમગ્ર કચ્છ જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ, લેન્ટર્ન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કચ્છ જિલ્લાની હદમાં ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્સના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું આગામી તારીખ ૫ નવેમ્બર સુધી અમલમાં રહેશે.

-----------------------------------------------------------------------------------------

## પોલીસ દ્વારા ફ્રૂટ માર્ચ

ભચાઉમાં રેલવે સ્ટેશનના પુનઃનિર્માણ અને ડબલિંગ ટ્રેકની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત સામખિયાળીથી ગાંધીધામ સુધી ચાર લાઈનની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીના ભાગરૂપે ભવાનીપુર અને નવી ભચાઉના રેલવે અંડરબ્રિજ બંધ કરવામાં આવ્યા છે. જેના કારણે ટ્રાફિક સહિતની સમસ્યાઓ સર્જાઈ રહી છે અને સ્થાનિકોને હાલાકી ભોગવવી પડતી હોવાની ફરિયાદ ઉઠી છે. જેથી, ભવાનીનગર અંડરપાસનું ત્વરિત નિર્માણ કરવા રેલવે તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## ભચાઉ રેલવે સ્ટેશનના ટ્રેકની કામગીરી

આગામી દિવાળી પર્વને અનુલક્ષીને પૂર્વ કચ્છ પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવાના પ્રયાસોના ભાગરૂપે ગાંધીધામ, ભચાઉ અને રાપરની બજારોમાં ખાસ ફ્રૂટ માર્ચનું આયોજન કર્યું હતું.

-----------------------------------------------------------------------------------------